
સજ્ઝાયો.

આ પ્રાંતના જૈનધર્મીઓને ભણવાને
વાસ્તે
શેઠ દલપતભાઈ ભગુભાઈએ



अमदावाद मध्ये
ફતાશાની પોળ મધ્યે મહાવીરસ્વામીની
પોળમાં સમશેર બાહાદુર છાપખાનામં
સવાઇભાઇ રાયચંદ પાસે છપાવી.

સંવત ૧૯૩૩.

સન ૧૮૭૭

अनुक्रमणिका.

શિયળની નવ વાડો વિષે.

દોહરો.

શ્રી ગુરૂને ચરણે નમી, સમરિ સારદ માય;
નવ વિધિ શિયળની, વાડીનો ઉત્તમ કહું ઉપાય.

(ઢાળ ૧ લી પેહેલુંને પાસું એ દેશી.)

પહેલીને વાડ હો જી વીર જીનવરે કહી,
સેવો હો સેવો વસ્તિ વિચારીને જી;
સ્ત્રી પશુ પંડગ હો જી વાસો વસે જીહાં,
તિહાં નવિ રેહેવું શીળવ્રત ધારિને જી. ૧
જેમ તરૂ ડાળે હો જી વસતો વાંનરો,
મનમાંહે બીહેજે, રખે મુંઝે પડું જી;
મંજાર દેખી હો જી પિંજર માંહેથી,
પોપટ ચેતેરે રખે દાટે ચડું જી. ૨
જેમ સિંહ સંકી હો જી સુંદરિ શિર ધરી જી,
જળનું બેડું જુગતે જાળવે જી;

તિમ મુનિ મનને હોજી રાખે ગોપવી,
નારિને નિરખી ચિત નવી ચાળવેજી. ૩
જીહાં હોવે વાસો હોજી સહેજે મંજારનો,
જોખમ લાગે તિહાં મુખકની જાતનેજી.
તિમ બ્રહ્મચારી હોજી નારિની સંગતે,
હારિ રહે શિળ સુધાતનેજી. ૪

કળસ.

એક વાડ વિઘટે વિષય પ્રગટે, સંકા કંખા નિપજે;
તિવ્ર કામે ધાતુ બગડે, રોગ બહુ વિધ ઉપજે,
મનમાંહે વિષય વ્યાપે, મન વિષયશું રહે ગળી;
ઉદેરત્ન કહે તે કારણે, નવ વાડ રાખો નિર્મળી. ૫

(ઢાળ ૨ જી વૈદર્ભ દેસ કુંડ એ દેશી.)

સુરપતિ સેવિત ત્રિભુવન ધણી; અજ્ઞાન તિમર હર દિનમણી;
શિળ રત્ન યતનને નિતંતે, ભાખી વાડ બીજી ભગવંતે. ૧
ભગવંત ભાખે શ્રેયંધ સાખે, શિયળ સુરતરૂ રાખવા;
મુક્તિ મહાફળ હેતુ અદ્ભુત, ચારિત્રનો રસ ચાખવા. ૧
મીઠે તે વચને માનનીશું, કથા ન કરે કામની;
વાડ વિધિશું જેહ પાળે, બલિહારી તસ નામની. ૨

વાત વ્રતને ઘાતકારી, પવન જીમ તરૂ પાતને;
વાત કરતાં વિષય વ્યાપે, તે માટે તજો વાતને. ૩
લિંબુ દેખી દુરથી જીમ, ખટાશે ડાઢો ગળે;
ગગન ગર્જારવ સુણીને, હડકવા જીમ ઉછળે. ૪
તેમ વ્રતિનાં ચિત વિણસે, વચણ સુંદરીનાં સુણી;
કથા તજો તે કારણે, એમ પ્રકાશે ત્રિભુવન ધણી. ૫

(ઢાળ ૩ જી નટ જમુનાનોરે આતી રળીયામણોરે.)

ત્રીજીને વાડેરે ત્રીભુવન રાજીયોરે, એણીપરે દે ઉપદેશ.
આસન છાંડોરે સાધુજી નારીનુંરે, મહુરત લગે શુવિશેષ. ૧
હું બલિહારીરે જાઉં તેહનેરે, ધન ધન તેહનારે માત,
શિયળ શુરંગીરે રંગાણી રાગસુંરે. જેની સાતેહો ધાત. હુ૦ ૨
સયનાસને પાટને પાટલારે, જ્યાં જ્યાં બેસેહો નાર;
બે ઘડી લગેરે તિહાં બેશે નહીરે, સિલવ્રત રાખણ ...ર. હુ૦ ૩
કોહોલા કેરીરે ગંધ સંયોગથીરે, જીમ જાય ક... ...શુકનો વાસ;
તીમ અબળાનુંરે આસન સેવતાંરે, વિણસે ...ે શિળ સુરગણુ પાક હું૦ ૪

(ઢાળ ૪ થી હું વારી ...મ હોળણાં.)

ચોથી વાડ ચેતજોહો રાજ, ભા... ...ણીપરે ભાખે શ્રીજીન ભુપરે.
સંવેગી સુધા સાધુજી.

નયણ કમળ વિકાસીને હો રાજ, રપે નિરખ્યા રમણી
રૂપરે; સં૦ ૧
રૂપ જોતાં રઢ લાગસે હો રાજ, હેલા ઊલટી આનંગરે; સ૦
મનમાંહિ લાગશે મોહિની હો રાજ, ત્યારે હોશે વ્રતનો
ભંગરે સં૦ ૨
દીનકર સામું દેખતાં હો રાજ, જગમાં નયણો ઘટે જીમ
તેજરે; સ૦
તિમ તરૂણી તનુ પેખતાં હો રાજ, હિણ થાય સિયળ
સુહેજરે. સં૦ ૩
ઢાલ ૫ મી થાંપરવારી મારા સાહેબા કાબુલ મત જાણો એ દેશી.
પાંચમી ઢાળ પરમેશ્વરે, વખાણી વાડ;
સાંભળજો શ્રોતા તમે, ધરમી વ્રત ધાડ. ૧
કુડ્યંતર વર કામની, રમે જિહાં રાગે;
ત્યાં વસવું કણાદિકનો સુણી, તિહાં મનમથ જાગે. ૨
વાડ ભાગિ બ્રહ્મચારીને, ન કહ્યું વિતરાગે;
અગ્નિ પાસે જીમ મીણ-રતનને, જીહાં સંછન્ન લાગે. ૩
લાખને મિણ જ્યોં આગળે, ભાજન માંહિ ભરિયાં;
તિમ હાવ ભાવ નારિ તે ગળી, ન રહે ધરિયાં. ૪
સાંભળતાં શીળ વિધરે, મન ગાન, હાંસુને રૂદન;
વંધે ગદન. ૫

ઢાળ ૬ ઠી. સહીયાં મોરી નયન સમારો, એ દેશી.

છઠી વાડે છેલ છબીલો, ગુણ રત્ને ગાઢો ભર્યોજી;
સિધારથ રાય કુળે નગિનો, વીરજીણંદ એમ ઉચર્યોજી.૧
અવ્રતીપણે જે જે આગે, કામ ક્રીડા બહુ વિધ કરીજી;
વ્રત લેઇને વિલસિત પાહિલાં, રખે સંભારો દીલ ધરીજી. ૨
અગ્નિ ભર્યો ઊપરે પુળો, મેલ્યો જીમ જવાળા વમેજી;
વર્ષ દિવસ જીમ વિષધરનું, સંકાયે વિષ સંક્રમેજી. ૩
વિષય સુખ વિલસીત પહિલાં, તીમ સિળવંતન સંભારતોજી;
આકુળ થઇને સિળ વિરાધે, પછે થાયે મન ઓરતોજી. ૪

ઢાળ ૭ મી. ગઢ બુંદીરા વાળા, એ દેશી.

સાતમી વાડે વીર પયંપે, સુણો સંયમના રાગી હો;
સિયળ રથનાહો ધોરી, સુધા સાધુ વેરાગી,
મુજ આણા કરીને બ્રહ્મચારી વિષય રસના ત્યાગી હો. સી,૧
સરસ આહાર તજજો સહજે, વિગ્ય થોડી વાવરજોહો, શી.
મોદક આહારે મનમથ કોપે, તેજાનો પરીહરજો હો; શી. ૨
સંન્નિપાતે જીમ ઘૃતસંયોગે, અધિક કરે ઉછાળા હો, શી.
પાંચે ઇંદ્રિ તીમ રસ પોખે, ચારિત્રમાં કરે ચાળાહો; શી ૩

ઢાળ ૮ મી. જરમર જરમર હોરીલા, મારૂ વરસાલો મેહ.

ત્રિસલા સુત હો ત્રિગડે બેશી એમ,

આઠમી વાડ વખાણો દિલની;
અતિ માત્રા હો આહાર તજો અણગાર,
લાલચ રાખો સંયમ શીળની. ૧
અતિ આહારેહો આવે ઉંઘ અપાર,
સુપનામાંહી કરે શિળની વિરાધના;
વળી તેણેહો થાય મદવતી દેહ,
સંયમ નવિ થાયે આરાધના. ૨
જીમ શેરના હો માપમાંહિ બસેર,
ઓરી તે ઊપર દીજે ઢાંકણું;
ફાટે તોલડીહો ખિચડી એર થાયે,
તિમ અતિ માત્રાએ વ્રત ભાગડે ઘણું.

(ઢાળ ૯ મી અણસમજતીરે વીરહુ અનાહક દીધ.)
નવમી વાડે નિત્તારજોરે, સાધુજી શણગાર;
શરીર શોભાએ શોભે નહીરે, અવનીતળ અણગાર. ૧
ધમઉપદેશી વીરજીરે, મુનિવર ધરજોરે મન;
શિખામણ એક માહરીરે, કરજો શીળ જતન. ૨
સ્નાન વિલેપન વાસનારે, ઉત્તમ વસ્ત્ર અપાર;
તેલ તંબોળ આદિ તજોરે, ઉદભટ વેશ સહાર. ૩
ધાધને ધરણી ધર્યુંરે, જીમ રત્ન હાર્યું કુંભાર;
તિમ શીળ રત્નને હારશોરે, જો કરશો સણગાર. ૪

(ઢાલ ૧૦ મી દેશી ભટીઆણીની.)

એકલી નારી સાથે, મારગે ન જાવું હો,
વળી વાટે વાત ન કીજીએ;
એક સેજે નર દોય, સિળવંત ન સુવુ હો,
સેજે ગાળ ન દીજીએ. ૧

ન સુવારે નિજ પાસ, સાડાછ વર્ષના હો,
પુત્રીને પણ સેજમાં;
સાત વર્ષ ઊપ્રાંત, સુતને પણ ન સુવારે હો,
શીળવંતી સેજમાં. ૨

ભાગે શીયળ જે કોઇ, સજ્જન જાંણો હો,
અદકુ પાપ નથી ઇશુઃ
કર્તાં વીષય સંભોગ, સમુર્છીમ પંચેંદ્રિહો,
હણાય ઘણું કહીયે કીસું. ૩

ઇમ જાણી નર નારી, શિયળની સદહણા હો;
સુધી મનમાં ધારજો;
સે દુર્ગતિનું મુળ, અબ્રહ્મ સેવ્યાથી હો
જાતાં મનને વારજો. ૪

તપ ગછ ગયણ દિણંદ, વંછિત ફળ દાતાહો,
આહિર રત્ન સુરી સર;

પામી તાસ પસાય, વાડ વખાણીહો, શિળની
એહ મનોહરૂ. ૫
ખંભાત રહી ચોમાશ, સતરસે ત્રેશઠહો, આવણ
વદ ૨ બુધે ભણે;
ઊદેરત્ન કરજોડ, શીળ જે પાળે હો, તેહને જાઊં ભામણે ૬



आठ मदनी सज्झाय.

મદ આઠ મહા મુની વારીયે, જે દુરગતિના દાતારોરે
શ્રી વીરજીણેસર ઉપદીસ્યા, ભાખે સોહમ ગણુ
ધારોરે. મ૦ ગા૦ ૧

હાંજી જાતનો મદ પેહલો કહ્યો, પુર્વે હરી કેસીયે કીધોરે;
ચંડાળ તણે કુળ ઊપનો, તપથી શીવ કારજ
સીધોરે. મ૦ ગા૦ ૨

હાંજી કુલ મદ બીજો દાખાયો, ગર્યચ ભવ કીધો પ્રાંણુંરે;
કોડા કોડી સાગર ભવમે ભમ્યા, મદમધરો એમ મન
જાણુંરે. મ૦ ગા૦ ૩

હાંજી બળ મદથી દુઃખ પાંમીયા, શ્રેણીક વસુ ભુતિ જીવોરે;
દુઃખ નરકતણું જઇ ભોગવ્યાં, મુખ પાડંતા નીત
રીવોરે. મ૦ ગા૦ ૪

સનંત કુમાર નરેસરૂ, સુર આગળ રૂપ વખાણ્યુંરે;
રોમ. રોમ કાયા બીગડી ગઇ, મદ ચોથાનો એ
ટાંણોરે. મ૦ ગા૦ ૫

મુનિવર સંજમ પાળતા, તપનો મંદ મનમાં આવ્યારે;
થયા કુરગડુ રખી રાજીયા પાંમી તપનો
અંતરાયોરે. મ૦ ગા૦ ૬

હાંજી દેશ દીસારણ્યનો ધણી, રાય દેસાર્ણ ભદ્ર અભીમાંનીરે;
ઇંદ્રની રીધી દેખી બુજ્યા, સંસાર તજી થયા
જ્ઞાનીરે. મ૦ ગા૦ ૭

હાંજીથુલ ભદ્રે વિદ્યાનો કર્યો, મદશાતમો જે દુખ દાઇરે;
સુત્ર પુરણ અર્થ ન પામીયા, જુઓ માન તણા
અધિકારીરે. મ૦ ગા૦ ૮

રાય સંભુવ ખટ ખંડનો ધણી, લાભનો મદ કીધો અપારરે;
હય ગય રથ સબ સાયર ગયો, ગયો સાતમી નરક
મજારરે. મ૦ ગા૦ ૯

ઇમ તંન ધંન જોવન રાજનો, મ ધરો મનમાંહે અહંકારરે;
એહ અથીર અસત્ય સવીકારમુ, વીણસે ખીણમે બહુ
વારેરે, મ૦ ગા૦ ૧૦

મદ આઠને વારો વ્રત ધારી, પાળો સંજમ સુખકારીરે;
કહે માંનવીજય તે પાંમીયા, અવીચળ પદવી નર
નારીરે. મ૦ ગા૦ ૧૧

સમપુર્ણ લખ્યું છે.

―――0―――

अढार पापस्थान विषे.

પ્રાણાતિપાત પાપસ્થાન ૧ લું.

“કપૂરહોય અતિ ઉજળોરે” એ દેશી.

પાપ થાનક પેહેલું કહ્યું રે, હિંસાનામ દુરંત;
મારે જે જગજીવને રે, તે લહે મરણ અનંત રે.
પ્રાણી જિન વાણી ધરો ચિત્ત.
માત પિતાદી અનંતના રે, પામે વિજોગ તે મંદ;
દારીદ્ર દોહગ નવિ ટળે રે, મળે ન વલ્લભ વૃંદ રે. પ્રાણી.
હોય વિપાકે દશગુણાં રે, એકવાર કર્યાં કર્મ,
શત સહસ્ર કોડે ગમે રે, તીવ્રભાવના મર્મ રે. પ્રાણી. ૩
મેર કહેતાં પણ દુખ હોવે રે, માર્યે કિમ નવિ હોય;
હિંસા ભગની અતી બુરી રે, વિશ્વાનરની જોય રે. પ્રાણી. ૪
તેહને જોરે જે હુઆ રે, રૌદ્રધ્યાન પ્રમત્ત;
નરક-અતીથિ તે નૃપ હુઆરે, જિમ સુભૂમ બ્રહ્મદત્તરે. પ્રાણી. ૫
નૃપ વિવેક કન્યા પ્રિયારે, પરણવે જશ સાય;
તેહથકી દુરે ટળે રે, હિંસા નામ બલાય રે. પ્રાણી.

મૃષાવાદ પાપસ્થાન ૨ જું.

“ લાછલદે માત મલ્હાર” એ દેશી.

બીજું રે પાપનું સ્થાન, મૃષાવાદ દુરધ્યાન આજ હો;
છાંડો રે ભવી ભાંડો રે, ધરમ શું પ્રીતડી જી. ૧
વૈર ખેદ અવિશ્વાસ, એહવિ દોષ અભ્યાસ, આજ હો;

થાય રે નવિ જાય રે, વ્યાધી અપથ્યથીજી. ૨
રહેવું કાલિક સૂધી, પચીજન વચન તે બુધી, આજ હો;
સોહવું રે નવિ કહેવું જુઠ ભયાદિકેંજી. ૩
આશન ધરત આકાશ. વસુનૃપ હુઓ સુપ્રકાશ, આજ હો;
જુઠેરે સુર રૂઠે, ઘાલ્યો રસાતળેજી. ૪
જે સત્યવ્રત ધરે ચિત્ત, હોય જગમાંહિ પવિત્ર, આજ હો;
તેનેરે નવિ ભિને, શુર વ્યંતર જક્ષથીજી. ૫
જે નવિ ભાખે અલીક, બોલે ઠાવું ઠીક, આજહો;
ટેકેરે સુવિવેકે સુજસ ને સુખ વરેજી. ૬

અદત્તાદાન પાપસ્થાન ૩ જું.

"નિદ્રડી વેરણ હુઇ રહીરે" એ દેશી.

ચોરી વ્યસન નિવારિયે, પાપસ્થાનકહો ત્રીજું કહ્યું ઘોર કે;
ઇહ ભવે પરભવે દુખ ઘણાં, લહે પ્રાણી હો, એથી અતિ જો
ર કે; ચોરી. ૧

ચોર તે પ્રાયે દારિદ્રી હોય, ચોરીથીહો ધન ન રહે નેટ કે;
ચોરનું કોઇ ધણી નહીં, પ્રાયે ભુખ્યું હો રહે ચોરનું પેટ કે, ચો. ૨
જિમ જળમાંહે નાંખિયું, તળે જાયહો જળને અપગોળ કે;
ચોર કઠોર કરમ કરી, જાય નરકેહો તિમ નિપટ નિટોળ કે; ચો. ૩
ગાંઠે પડયું વળી વિસર્યું, એ રાખ્યો હો થાપણ કર્યું જેહ કે;
તૃણ તુષ માત્ર ન લીજિયે, અણદીધુંહો કિહાં કોઇનું તેહ કે ચો. ૪
દુરે અનરથ સકળ ટળે, મળે વાહલાહો સગળે જસ થાય કે;
સુખ-સુરનાં હોય ભેટણાં, વ્રત ત્રીજુંહો આવે જસદાય કે; ચો. ૫

તજી ચોરપણું દેવતા, હોય નિશ્ચે હો રોહિણીયા જેમ કે;
એ વ્રતથી સુખ જશ લહે, વળી પ્રાણી હો વહે પુણ્યશું પ્રેમ કે; ચો. ૬

અબ્રહ્મચર્ય પાપસ્થાન. ૪ થું.

" તુમે બહુ મીત્રી રે સાહીબા" એ દેશી.

પાપથાનક ચોથું વરજીએ, દુર્ગતિમૂળ અબંભ;
જગ સવિ મુઝો છે એહમાં, છાંડે તે અચંભ; પાપ. ૧
રૂડું લાગેરે એ ધુરે, પરિણામે અતિ ક્રૂર;
ફલ કઈ પાકે તે સારિખો, વરજે સજ્જન દૂર; પાપ. ૨
અધર વિદ્રુમ સ્મિત ફુલડાં કુચફળ કઠિન વિશાળ;
રામા દેખી નરાચિયે, એ વિષય વેલી રસાળ; પાપ. ૩
પ્રબળ જ્વલિત અયપૂતળી, આલિંગન ભલું તંત;
નરક દુઆર નિતંબની, જઘન સેવન દુરંત; પાપ. ૪
દાવાનળ ગુણ વનતણો, કુલ મસિ કૂર્ચ એહ;
રાજધાની મોહરાયની, પાતક કાનન મેહ; પાપ. ૫
પ્રભુતાયે હરિ સારિખો, રૂપે મયણ અવતાર;
સીતાયે રાવણ યથા, છાંડો પરનર નાર; પાપ. ૬
દશ શિર રજમાંહે રોળવ્યાં, રાવણ વિવશ અબંભ;
રામે ન્યાયેરે આપણો, રોપ્યો જગ જયથંભ; પાપ. ૭
પાપ બંધાય અતિ ઘણાં, સુકૃત સકળ ક્ષય જાય;
અબ્રહ્મચરિયે ચિંતવ્યો, કદિય સારો નવિ થાય; પાપ. ૮
મંત્ર ફળે જગ જસ વધે, દેવ કરે સાંનીધ;
બ્રહ્મચરિય ધરે જે નરા, તે પામે નવનિધ; પાપ. ૯

શેઠ સુદર્શનને ટળી, શુળિ સિંહાસન હોય;
ગુણ ગાય ગગને દેવતા, મહિમા શિળનો જોય; પાપ. ૧૦
મૂળ ચારિત્રનું એ ભલું સમકિત વૃદ્ધ નિદાન;
શિળ શલીલ ધરે જિકે, તશ હોય સુજશ વખાણ; પાપ. ૧૧

પરીગ્રહ મમતા પાપસ્થાન ૫ મું.

"સુમતિ સદા દિલમે ધરો" એ દેશી.

પરિગ્રહ મમતા પરિહરો, પરિગ્રહ દોષનું મુળ સલુણે.
પરિગ્રહ જેહ ધરે ઘણું, તસ તપ જપ પ્રતિકુળ સલુણે; પરિ. ૧
નવી પલટાવે રાસથી, મારગે કદિય ન હોય સલુણે;
પરિગ્રહ ગ્રહ છે અભિનવો, સહુને દુખ દિયે સોય સલુણે; પરિ. ૨
પરિગ્રહ સદ્‌ગુરૂય તણે, ભવમાંહે પડે જંત સલુણે;
પોતપાત્ર જિમ સાયરે, ભારાક્રાંત અત્યંત સલુણે; પરિ. ૩
ગ્યાન ધ્યાન હય ગય વરે, તપ જપ શ્રુત પરિતંત સલુણે;
છાંડે સમે પ્રભુતા લહે, મુનિપણ પરિગ્રહવંત સલુણે પરિ. ૪
પરિગ્રહ ગ્રહ વસિ લિંગિયા, લેઇ કુમતિ રજ શિશ સલુણે;
જમ તિમ જગ લવતા ફરે, ઊન્મત્ત હોય નિશ દિશ સલુણે પ. ૫
તૃપતિ ન જિવ પરિગ્રહે, ઇંધણથી જિમ આગ્ય સલુણે;
તૃષ્ણ દાહ તે ઉપસમે, જળ સમ ગ્યાન વઇરાગ્ય સલુણે; પરિ. ૬
તૃપતિ શગરસુત થઇ નહીં, ગોધનથિ કુચિકર્ણ સલુણે;
તિલક શેઠ વળિ ધાન્યથી, કનકે નંદ સુકર્ણ સલુણે. પરિ ૭
અસંતુષ્ટ પરિગ્રહે ભર્યા, સુખિયા ન ઇંદ નરિંદ સલુણે;
સુખી એક અપરીગ્રહી, સાધુ સુજશ સમકંદ સલુણે. પરિ. ૮

ક્રોધ પાપસ્થાન ૬ ઠું.

"રિષભનુ વંશ રયણાયરૂ" એ દેશી.

ક્રોધ તે બોધ નિરોધ છે, ક્રોધ તે સંજમ ઘાતીરે;
ક્રોધ તે નરકનું બારણું, ક્રોધ દુરિત પક્ષપાતીરે. ભ
પાપ થાનક છઠું પરિહરો. ૧
પાપ થાનક છઠું પરિહરો, મન ધરો ઊત્તમ ખંતી રે;
ક્રોધ ભુજંગનિ જાંગુળી, એહ કહી જયવંતી રે. પાપ. ૨
પુરવ કોડિચરણ ગુણે, ભાવ્યોછે આતમ જેણે રે;
ક્રોધ વિવશ હુતો દોય ઘડી. હારે ફળ સવિ તેણે રે; પાપ. ૩
બાળે તે આશ્રમ આપણો, ભજના અન્યને દાહેરે;
ક્રોધ ક્રશાનુ સમાન છે, ટાળે પ્રશમ પ્રવાહે રે; પાપ. ૪
આક્રોપ તરજના ઘાતના, ધર્મભ્રંશમાં ભાવે રે;
અગ્નિ અગ્રિમ વિરહથી, લાભે તે શુદ્ધ સ્વભાવે રે; પાપ. ૫
ન હોય નેં હોય તો ચિર નહી. ચિર રેહેતો ફળ છેહો રે,
સજ્જન ક્રોધ તેણ્ હવો, જે હવો દુર્જનને નેહોરે; પાપ. ૬
ક્રોધી મુખે કટુ બોલણાં, કંટકિયા કુટભાખી રે;
અદિઠ કલ્યાણ કરા કહ્યા, દોષના તરૂ શત સાખીરે; પાપ. ૭
કૂર ગડુચો તપકરા, ચરિત સુણી સમ આણોરે;
ઊપસમ સાર છે પ્રવચને, સુજશ વચ. એ પ્રમાણોરે; પાપ. ૮

માન પાપસ્થાન ૭ મું.

"નદિજમુનાને તીર ઉડે પંખિયા" એ દેશી.

પાપથાન કહે શાતમ ા રાજ એ;

માન માનવને હોય, દુરિત શિર તાજ એ;
આઠ શિખર ગિરિરાજ, તણાં આડાં ,વળે;
ન આવે વીમળા લોક, તિહાં કિમ ટળે. ૧
પ્રજ્ઞાગદ તપમદ વળી, ગોત્રગદ ભર્યા;
આજિવિકામદવંત, ન મુગત્યેં અંગી કર્યા;
ક્ષયોપશમ અનુ-સારે, જો ગુણ વહે;
શો મદ કરવો એહમાં, નિર્મદ સુખ લહે. ૨
ઉચ્ચભાવ દૃગદોષે, મદજ્વર આકરો;
હોય તેનો પ્રતિકાર, કહે મુનિવર ખરો;
પૂર્વ પુરૂષ સિંધુરથી, લઘુતા ભાવવું;
શુદ્ધ ભાવન તે પાવન, શિવ-સાધન નવું. ૩
માને ખોયું રાજ્ય, લંકાનું રાવણે;
નરનુ માન હરે હરિ, આવી એ રાવણે;
શુળીભદ્ર શ્રુત મદથી, પામ્યા વિકાર એ;
માને આવે જિવને, નરક અધિકાર એ. ૪
વિનય શ્રુત તપશીળ, ત્રીવર્ગ હણે સવ;
માન તે જ્ઞાનનો ભંજ, કહ્યોછે ભવો ભવે;
લુંપક છેક વિવેક, નયાગુનો માન છે;
એહ જે છાંડે તાપ, ન દુષણે રહે પછે. ૫
માને બાહુ બળી વર, લગે અનશન રહ્યા;
નિરમદ ચક્રી સેવક, [illegible] મુનિ સમ કહ્યા;
સાવધાન તજી ગાન. [illegible]ધ્યાન ધવળ ધરે;
પરમ સુજસ રમા [illegible] લિંગન નિત્ય કરે. ૬

માયા પાપસ્થાન ૮ મુ.

"સ્વામી સ્વયંપ્રભ સાંભળો અરિહંતાજી" એ દેશી.

પાપ થાનક કહ્યું આઠમું સુણો સંતાજી,
છાંડો માયા મુળ ગુણવંતાજી;
કષ્ટ કરે વ્રત આદરે, સુણો સંતાજી,
માયા તે પ્રતિકુળ, ગુણવંતાજી. ૧
નગન માસ ઉપવાસિયાં, સુણો સંતાજી;
શિથ લિયે કાશ અંન, ગુણવંતાજી;
ગર્ભ અંનતા પામશે, સુણો સંતાજી;
જો છે માયા મંન, ગુણવંતાજી. ૨
કેશ-લોચ મળ ધારણી, સુણો સંતાજી;
ભુમી શજ્જા વ્રત જાગ, ગુણવંતાજી;
સુકર સરવ છે સાધુને, સુણો સંતાજી;
દુઃકર માયા ત્યાગ, ગુણવંતાજી. ૩
નયન વચન આકારનું, સુણો સંતાજી;
ગોપન માયાવંત, ગુણવંતાજી;
જેહ કેરે અસતી પરે, સુણો સંતાજી;
તેહ નહિ કરતંત, ગુણવંતાજી; ૪
કુસુમ પુરે ઘરે ધીંડે, સુણો સંતાજી;
હેઠે રહયો સંવિગ્ન, ગુણવંતાજી;
ઉપરે તસ બાજો રહે, સુણો સંતાજી;
સુકળ પણ સુગુણગ્ન, ગુણવંતાજી. ૫
દંભી એક નિંદા કરે, સુણો સંતાજી;

બીજો ધરે ગુણ રાગ, ગુણવંતાજી:
પહિલાને દુત્તર કહે, શુણો સંતાજી;
બીજાને કેવળિ ત્યાગ, ગુણવંતાજી. ૬
વિધિનિષેધ નવિ ઉપદિસે, શુણો સંતાજી;
એકાંતે ભગવંત, ગુણવંતાજી;
કારણે નિઃકપટી હોવું, શુણો સંતાજી;
એ આણાછે તંત, ગુણવંતાજી. ૭
માયાથી અળગા ટળો, સુણો સંતાજી;
જિમ મળો મુક્તિ સુરંગ, ગુણવંતાજી;
શ્રીજસ વિલાસ સુખી રહો, શુણો સંતાજી;
લક્ષણ આવે અંગ, ગુણવંતાજી. ૮

લોભ પાપસ્થાન ૯ મું.

"જીરે મારે જાગ્યો કુંઅર જામ, તવ દેખે દોલત મિલી જિરેજી"
એ દેશી.

જીરે મારે લોભ તે દોષ અપાર, પાપ થાનક નવમું કહ્યું, જિરેજી;
સર્વ વિનાશનું મુળ, એહથિ કુણે ન સુખ લહ્યું, જિરેજી. ૧
જીરે મારે સુણીયે બહુ લોભાત, ચક્રવર્ત્તિ હરિની કથા, જિરેજી;
જીરે મારે પામ્યા તે કડુક વિપાક, પીતત રકત જળો યથા. જિરેજી. ૨
જીરે મારે નિર્ધનને શત ચાહ, શત લહે સહસ્ર જોડીયે, જિરેજી;
જીરે મારે શહસ્ર લહે લખ લોભ, લખ લાભે મન કોડિયે. જિરેજી. ૩
જીરે મારે કોટીશ્વર નૃપ રીધ, નૃપ ચાહે ચક્રીપણું, જીરેજી;
જીરે મારે ચક્રી ચાહે સુર ભોગ, સુર હોય સુરપતિ સુખ ઘણું,
જીરેજી. ૪

જીરે મારે મૂળો લઘુ પણ લોભ, વાધે શર્વપરે સહી, જિરેજી;
જીરે મારે ઉત્તરાધ્યયને અનંત, ઇછા આકાશ સમી કહી જિરે. ૫
જીરે મારે સયંભુરમણ સમુદ્ર, કોઇ જો અવગાહી શકે, જિરેજી;
જીરે મારે તો પણ લોભ સમુદ્ર, પાર નપામે બળથકે, જિરેજી. ૬
જીરે મારે કોઇક લોભને હેત, તપશું જે હારે જડા. જિરેજી;
જીરે મારે કાગ ઊડાવણ હેત, સુરમણિ તે નાંખે જડા, જિરેજી. ૭
જીરે મારે લોભ તજે જે વીર, તસ સવિ સંપત્તિ કિંકરી, જિરેજી;
જીરે મારે સુજશ પુણ્ય સુવિલાસ, ગાવે તસ સુરસુંદરી, જિરેજી. ૮

રાગ પાપસ્થાન ૧૦ મું.

"સુણો મેરી સજની રજની ન જાવેરે,"

પાપનું થાનક દસમું કહું રાગોરે, કુણે ન પામ્યો તેહનો તાગોરે;
રાગે વાહ્યા હરિહર બંભારે, રાચે નાચે કરે અચંભારે. ૧
રાગ કેસરી છે વડરાજરે, વિષયાભિલાષ તે મંત્રી તાજારે;
જેહનાં છોરૂ ઇંદ્રિય પંચરે, જેહનો સકળ કીધો એ પ્રપંચરે. ૨
જેહ સદાગમ વશ હુઇ જાશેરે, અપ્રમત્તતા શિખરે ઠાશેરે;
ચરણ ધરમ નૃપ શૈલ વિવેકેરે. તે શું નચાલે રાગી ટેકેરે. ૩
બીજા તો સવિ રાગે વાહ્યારે, એકાદશ ગુણ ઠાણે ઊપાહ્યારે;
રાગે પાડ્યા તે પણ ખુતારે, નરક નિગોદે મહાદુઃખ જુતારે. ૪
રાગ હરણ તપ જપ શ્રુતને ભાખ્યારે, તેહથી પણ જેણે ભ
વફળ ચાખ્યાંરે;
તેહનો કોઇને છે પ્રતિકારોરે, અમી હોય વિષ તિહાં શો ચારોરે. ૫
તપ બળ છુટ્યા તરતણો તાણીરે, કંચન કોડી આખાડભુત નાણીરે;

નંદીષેણ પણ રાગે નડિયા રે, શ્રુતનિધી પણ વેશ્યા વશ પડિયા રે. ૬
બાવિશ જિન પણ રહ્યા ઘરવાસે રે, વરત્યા પૂરવરાગ અભ્યાસે રે;
વજરબંધ પણ જશ બળે ત્રુટે રે, નેહ તંતુથી તેહ ન છુટે રે. ૭
દેહ ઉચ્ચાટણ અગ્નિનું દહેવું રે, ઘણકુટ્ટણ એ સવિ દુઃખ સહેવું રે;
અતિ ઘણી રાતી જે હોય મજીઠ રે, રાગતણો ગુણ એજ દીઠ રે. ૮
રાગ ન કરજો કોઇ નર કુગુણશું રે, જો ન રહેવાય તો કરજો મુનીશું રે;
મણી જિમ ફણી વિષનું તિમ તેહો રે, રાગનું ભેષજ સુજશ સનેહો રે. ૯

દ્વેષ. પાપસ્થાન ૧૧ મું.

"શેત્રુંજે જઇએ લાલણ શેત્રુંજે જઇએ" એ દેશી.

દ્વેષ ન ધરીયે લાલન દ્વેષ ન ધરિયે,
દ્વેષ તજ્યાથી લાલન શિવસુખ વરિયે; લાલ.
પાપ થાનક અગ્યારમું ભુંડું,
દ્વેષ રહિત ચિત્ત હોય સવિ રૂડું; લાલન. ૧
ચરણ કરણ ગુણ બની ચિત્રશાળી,
દ્વેષ-ધુમે લાલણ હોય તે કાળી; લાલ.
દોષ બેંતાળિશ શુદ્ધ આહારી,
ધુમદોષે હોય પ્રબળ વિકારી; લાલ. ૨
ઉગ્રવિહારી ને તપ જપ કિરિયા,
કરતાં દ્વેષ તે ભવમાંહે ફિરીયા; લાલ.
યોગનું અંગ અદ્વેષ છે પહેલું,
સાધન સવિ લહે તેહથી વહેલું; લાલ. ૩
નીરગુણ તે ગુણવંત ન જાણે,

ગુણવંતના ગુણ દ્વેષમાં નાણે; લાલ.
આપ ગુણી નેં વળી ગુણરાગી,
જગમાંહે તેહની કીરત જાગી; લાલ. ૪
રાગ ધરીજે જિહાં ગુણ લહીયે,
નિર્ગુણ ઊપર સમચિત રહિયે; લાલ.
ભવથિતિ ચિંતન સુજશ વિલાસે,
ઉત્તમના ગુણ એમ પ્રકાસે; લાલ. ૫

કળહ પાપસ્થાન ૧૨ મુ.

"કિસકે ચેલે કિસકે પુત" એ દેશી.

કલહ તે બારમુ પાપનું સ્થાનક, દુરગતી વનનું મૂળ નિદાન;
સાજન સાંભળો.
દંત-કલહ જે ઘરમાંહે હોય, લછી નિવસે તાંહાં નવી જોય; સા. ૧
શું સુંદરીનુ નકરે શાર, નકરે આપે કાંઇ ગમાર; સા.
ક્રોધમુખી તું તુજ ધિક્કાર, તુજથી અધિકો કુણ કકાર; સા. ૨
સામુ બોલે પાપણી નિત્ય, પાપી તુજ પિતા જુઓ ચિત્ત; સા.
દંત-કલહ ઇમ જેહને થાય, તે દંપતીને સુખ ન હોય; સા. ૩
કાંટે કાંટે થાયે વાડ, બોલે બોલે વાધે રાડ; સાજન.
જાણીને મોન ધરે ગુણવંત, તો સુખ પામે અતુલ અનંત; સા. ૪
નિત્યે કળહણુ કોહણુ શીળ, ભંડણ શીળ વિવાદન શીળ, સાજન.
ચિતે ઊતાપ ધરે જે એમ, સંજમ કરે નિરર્થક તેમ; શાજન. ૫
કળહ કરીને ખમાવે જેહ, લઘુ ગુરૂ આરાધક હોય તેહે; સાજન.
કળહ ખમાવે તે ધંયધન્ય; ઉપશમ સાર કહ્ું સામન; સાજન. ૬

નારદ નારી નિર્દય ચિત્ત, કળહ ઊદીરે કરે ત્રિણ નિત્ય; સાજન,
સજન સુજશ તે શીલ મહંત, વારે કળહ સ્વભાવે સંત. સાજન. ૭

અભાષણ પાપસ્થાન ૧૩ મું.

"અરણિક મુનીવર ચાલ્યા ગોચરી" એ દેશી.

પાપસ્થાનક તેરમું છાંડીયે, અભ્યાખ્યાન દુરંતોરે;
અછતાં આળ જે પરનાં ઊચરે, દુઃખ પામે તે અનંતોરે.
ધન્ય ધન્ય તે નર જે જિનમત રમે. ૧
અછતે દોષેરે અભ્યાખ્યાન જે, કરે ન પુરે ઠાણુરે;
તતો દોષેરે તેહને દુષીયે, ઇમ ભાખે જિનભાણુરે. ધન્ય. ૨
જે બહુ મુખરીરે વળિ મત્સર ભરયા, અભ્યાખ્યાની તે હોઇરે;
પાતક લાગેરે અણકીધાં સવે, તે કીધું સવિ પોઇરે. ધન્ય ૩
મિથ્યા મતનીરે દશ સંજ્ઞા જિકે, અભ્યાખ્યાનના ભેદોરે;
ગુણ અવગુણનોરે જે કરે પાલટો, તે પામે બહુ ખેદોરે. ધન્ય. ૪
પરને દોષ ન અછતા દીજીએ, પીજીએ જો જીનવાણીરે;
ઊપશમ રસશું રે ચિતમાં ભીંજીએ, કીજિયે સુજશ કમાણીરે. ધન્ય. ૫

ચાડી પાપસ્થાન ૧૪ મું.

"શિરોઇનો (તો) ઘૂલાહો કે ઊપર જોધપુરી" એ દેશી.

પાપસ્થાનક હો કે ચૌદમું આકરૂં,
પિશુનપણાનું હો કે વ્યસન છે એ ખરૂં;
અશન માત્રનુ હો કે શુંનક કૃતઘ્ન છે,
તેહથી ભુંડું હો કે પિશુન લવે પછે. ૧
બહુ ઊપકરિયે હો કે પિશુનને પરપરે,

કળહનો દાતા હો કે હોય તે ઉપરે;
દુધે ધોયો હો કે વાયસ ઊજળો,
કિમ હોય પ્રકૃતિહો કે જે છે શામળો. ૨
તિલહ તિલક્ષણુહો કે નેહ છે જિહાંલગે,
નેહ પણ એહો કે ખળ કહિવે જગે;
ઇમ નિરનેહી હો કે નિર્દય -હૃદયની,
પિશુનનિ વાર્તા હો કે નવીજાયે કથી. ૩
ચાડી કરતાં હો કે વાડી ગુણુતણી,
સુકે ચુકે હો કે ખ્યાતિ તે પુણ્યતણી;
કોઈ નવિ દેખે હો કે વદન પિશુનતણું,
નિર્મળ કુળને હો કે દિયે કલંક ઘણું. ૪
જિમ સજ્જન ગુણ હો કે પિશુનને દુષિયે,
તિમ તેણે સહેજે હો કે ત્રિભુવન ભુષિયે;
ભસ્મે માંજ્યું હો કે દર્પણ હોય ભલું,
સુજશ સવાઇ હો કે સજન સુકુળ તિલું. ૫

અરતિ-રતી પાપસ્થાન ૧૫ મું.

"પ્રથમ ગોવાળાતણે ભવેજી" એ દેશી.

જિહાં રતિ કોઇક કારણેજી, અરતિ તીહાં પણ હોય;
પાપ થાનક તે પંદરમુંજી, તિણાયે એકજ જોય:
સુગુણ નર સમજો ચિત્ત મોઝાર. ૧
ચિત્ત ન અરતી રતી પાંખશુંજી, ઉડે પંખીરે ચિત્ત;
પંજર શુદ્ધ સમાધિમેજી, રુંધ્યો રહે તે મીત. સુગુણ. ૨

મન પારદ ઊડે તહીજી, પામી અરતીરતી આગિ;
હોય સિદ્ધ કલ્યાણુગીજી, ભાવ વિજાયે ભાગિ. સુગુણ. ૩
પરવરથી અરતી રતી કરીજી, ભુર્તાત હોય જેહ;
તસ વિવેક આવે નહીજી, હોય ન દુઃખનો છેહ. સુગુણ. ૪
નરતી અરતી છે વસ્તુથીજી, તે ઊપજે મનમાંહી;
અંગન વલ્લભ સુત હોયજી, ચુકાદીક નહી કાંહી. સુગુણ. ૫
મન કલ્પિત રતિ અરતિ છેજી, નહિ સત્ય પર્યાય;
નહિ તો વેચે વસ્તુમાંજી, કિમ તે સવિ મટી જાય; સુગુણ. ૬
જેહ અરતિરતિ નવિ ગણેજી, સુખ દુખ દોય સમાન;
તે પામે જસ સંપદાજી, વાધે જગ તસ વાન; સુગુણ. ૭

પરનિંદા પાપસ્થાન ૧૬ મુ.

"સાહીબ બાહુ જીણેશર વીનતી" એ દેશી.

સુંદર, પાપ થાનક તજો સોલમુ, પરનીંદા અસરાલુ હો; સુંદર.
નીંદક જેર શુખરી હોય, તે ચોથો ચાંડાળ હો; સુંદર. ૧
જેહને નીંદાનો ઢાળ છે, તપ ક્રીયા તસ ફોક હો; સુંદર
દેવકી વશ તે દુ પૂજે. એ ફળ રોકારોક હો; સુંદર. ૨
ક્રોધ અજીરણ તપ તણું, જ્ઞાનતણું અહંકાર હો; સુંદર;
પરનિંદા કિરિયાતણુ, વમન અજીરણ આહાર હો; સુંદર. ૩
નિંદાસી જેહ સ્વભાવ છે. તાસ કથન નવિ નિંદ હો; સુંદર,
નામ ધરી જે નિંદા કરે, તેહો મહામતિમંદ હો; સુંદર. ૪
રૂપ ન કોઇનુ ધારીયે, દાખિયે નિજ નિજ રંગ હો; સુંદર.
તેહમાં કાંઇ નંદા નહિ, બોલે ભીજુ અંગ હો; સુંદર. ૫

એહ કુશીળને ઇમ કહે, કોપ હુવ જેહ ભાખ હો; સુંદર.
તેહ વચન છે નીંદાતણું, દસ વૈકાલીક સાખ્ય હો; સુંદર. ૬
દોષ નજરથી નીંદા હોય, ગુણ નજરે હોય રાગ હો; સુંદર.
જગ સર્વે ચાલે માદળ મઢ્યો, સર્વગુણી વીતરાગ હો; સુંદર. ૭
નીજ મુખ કનક કચોલડું, નીંદક પરમળ સેઇ હો; સુંદર.
જેહ ઘણા પરગુણ ગ્રહે, સંત તે વીરલા કેઇ હો; સુંદર. ૮
પર પરીવાદ વ્યસન તજો, મકરો નીજ ઉતકર્ષ હો; સુંદર.
પાપ-કર્મ ઇમ સવી ટળે, પામે સુખ જસ હર્ષ હો; સુંદરપાપ.

કપટ. પાપસ્થાન ૧૭ મું.

"સખી ચૈતર મહીને હરી ચાલ્યા" એ દેશી.

સતરમું પાપનુ ઠામ, પરીહરજો સદગુણ ધામ;
જિમ વાધે જગમાં નામ હો લાલ, માયા મોહ ન કીજીયે. ૧
એતો વીષને વળી વધાર્યું, એતો શસ્ત્રને અવળું ધાર્યું;
એતો વાઘનુ બાળ વકાર્યું હો લાલ, માયા મોહ ન કીજીયે ૨
બગલાં પરે પગલાં ભરતાં, થોડું બોલે જાણે મરતાં;
જગ ધંધે ધાયે ફરતાં હો લાલ, માયા મોહ [illegible]. ૩
જે કપટી બોલે જુઠું, તસ લાગે પાપ [illegible],
પંડીતમાં હોય મુખ ભુંડું, હોલાલ, માયા મોહ ન કીજીયે. ૪
દંભીનુ જુઠું મીઠું, તેતો નારી [illegible] દીઠું;
પણ એહે દુરગતી ચીઠું હોલાલ, માયા મોહ ન કીજીયે. ૫
જે જુઠો દે ઊપદેશ, જન રંજન નેં ધરી વેષ;
તેનુ જુઠું સકળ કલેશ હોલાલ, માયા મોહ ન કીજીયે. ૬

તેણે ત્રાજો મારગ ભાખ્યો, વેષ ને દેઇ દંભે રાખ્યો;
શુદ્ધ ભાષકે સગ સુખ ચાખ્યો હોલાલ, માયા મોહ ન કીજીયે ૭
જુઠું બોલી ઊદર જે ભરવું, કપટીને વેષે ફરવું;
તે જનમારે શુ કરવું હોલાલ, માયા મોહ ન કીજીયે. ૮
પંડે જાણેતો પણ દંભે, મ યા મોહને અધીક અચંબે;
સમકીત દ્રષ્ટી મન થંભે હોલાલ. માયા મોહ ન કીજીયે. ૯
શ્રુત મર્યાદા ઊગધારી, રહ્યા માયા મોહ નીવારી;
સુદ્ધ ભાષકની બલીહારી હોલાલ, માયા મોહ ન કીજીયે. ૧૦
જે માયાયે જુઠું ન બોલે, જગમાં નહી કોઇ તેહને તોલે;
તે રાજ સુજશ અમોલે હોલાલ, માયા મોહ ન કીજીએ. ૧૧

મિથ્યાત્વ. પાપસ્થાન ૧૮ મું.

"ઊત્સર્પિણી અવસર્પિણી આરો" એ દેશી.

અઢારમું જે પાપનુ થાનક, તે મીથ્યાત્વ પરીહરીયેજી
સતરેથી પણ તે એક ભારી, હોય તુળાયે ધરીયેજી;
કષ્ટ કરો પરીપરી દમો અપ્પા, ધરમ અરથે ધન ખરચોજી;
પણ મીથ્યાત્વ છતે જુઠું. તીણે તેહમાં તમે વીરચોજી. ૧
કીરીયા કરતે ઝુઝતો પરીજન, દુખ સહેતો મન રીઝેજી;
અંધ ન જીતે પરિ સેના, તીમ મીથ્યાત્વી ન સીઝેજી;
વીરશેન શુરસેન દ્રષ્ટાંતે, સમકીતની નીર જુકતેજી;
જે જોઇને ભલી પરે મન ભાવો, એહ અરથ વર જુકતેજી. ૨
ધમ અધર્મ અધર્મે ધર્મેહ, સંન્ના મગ્ગ ઉમગ્ગજી;
ઊન મારગે મારગની સન્ના, સાધ અસાધુ સગ્ગજી;
અસાધુને સાધુની મતી જીવે, અજીવ અજીવે જીવ વેદેજી;

મુત્તિ અમુત્તિ અમુત્તિ મુત્તહ, સન્ન એ દશ ભેદોજી. ૩
અભિગ્રહિ કનિજનિજ મતિ અભિગ્રહ, અનભિગ્રહિક સહુસરિખાજી;
અભિનિવેસિક જાણુતો કહે ઝુડો, કરેન તત્વની પરિખ્યાજી. ૪
શંસયજિન વચનની શંકા, અવ્યક્તને અના ભોગોજી;
એ પણ પાંચ ભેદછે વિગુત, જાણે સમઝુ લોગોજી. ૫
લોક લોકોત્તર ભેદ એષટ વિધ, દેવગળી ગુરૂ પર્વજી;
સંગતિ નિહાં લૌકિક ત્રણ આદર, કરતાં પ્રથમનિ ગર્વજી, ૬
લોકોત્તર દેવ માને નિયાણે, ગુરૂજે લક્ષણ હીનાજી;
પર્વનિજ્ઞ ઇહ લોકને કાજે, માને ગુરૂ પદલનાજી. ૭
ઇમ એકવીસ મિથ્યાત્વ જે વળી, ભજે ચરણ ગુરૂ કેરાજી;
સજે ન પાપે રજે ન રાચે, મત્સર દ્રોહ અને રાજી. ૮
જે સમકિત ધારી શુભ આચારી, તેહની જમ બલિહારીજી;
શાસન સમકિતને આરાધે, તેહની કરો મનોહારીજી ૯
મિથ્યાત્વ તે જગ પરમરોગ છે, વળિય મહા [illegible] રોજી;
પરમ સત્રુને પરમ સસ્ત્ર તે, પરમ ન[illegible] [illegible]જી. ૧૦
પરમદોહગને પરમ દળિદ્ર તે, પર[illegible] કહીએજી;
પરગ કંતાર પરમ દુર ભીક્ષ[illegible] [illegible] સુખ લહીએજી. ૧૧

જે મિથ્યાત્વ લવલેશ ન રાખે, સુધો મારગ ભાખેજી;
તે સમકીત સુરતરૂ ફળ ચાખે, રહે વળિ અણિઆએ આખેજી. ૧૨
મોટાઇ શી હોય ગુણ પાખે, ગુણ પ્રભુ સમકિત દાખેજી;
શ્રીનય વિજય વિબુધ પય સેવક, વાચક જસ ઇમ ભાખેજી. ૧૩
ઇતિ મિથ્યા દર્શન સલ્ય પાપ સ્થાનક સ્વાધ્યાય.

